# વડોદરા મહાનગરપાલિકા

## આકારણી શાખા

www.vmc.gov.in

### વ્યવસાય વેરા સમાધાન યોજના–૨૦૨૨ની મુદતમાં વધારો

વડોદરા મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ તમામ વ્યવસાયીઓ અને નિયોક્તાઓને વ્યવસાય વેરો ભરવાનો બાકી રહી ગયેલ હોય તેવા કરદાતાઓ માટે વ્યવસાય વેરા સમાધાન યોજના-૨૦૨૨ અમલમાં મુકવામાં આવેલ હતી જે યોજનાની મુદત તા.૩૧-૧૨-૨૦૨૨ ના રોજ પૂર્ણ થયેલ છે.

સદર યોજનાની મુદત તા.૦૧-૦૧-૨૦૨૩ થી વધુ ૩ માસ એટલે કે તા.૩૧-૦૩-૨૦૨૩ સુધી લંબાવવા ગુજરાત સરકારશ્રીએ ઠરાવેલ છે. જે મુજબ વડોદરા મહાનગરપાલિકા હદવિસ્તારમાં પણ સદર યોજનાનો અમલ કરી મુદતમાં વધારો કરેલ છે.

વ્યવસાય વેરો ભરવાને બાકી રહી ગયેલ તમામ કરદાતાઓએ સદર યોજનાની નવી વધારેલ છેલ્લી તારીખ.૩૧-૦૩-૨૦૨૩ સુધીમાં બાકી રહી ગયેલ વ્યવસાયવેરાની રકમ ભરી વ્યાજ, દંડ અને શિક્ષાત્મક કાર્યવાહીમાંથી નિયમોનુસાર મુકિતનો અચૂક લાભ લેવા જણાવવામાં આવે છે.

સદર યોજના હેઠળ રાહત મેળવવા નિયત નમુનામાં અરજી કરવાની રહેશે. યોજનાની વિગતવાર માહિતી તેમજ નમુનાનું અરજી પત્રક વોર્ડ કચેરી તેમજ વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પરથી મળી શકશે. વધુ વિગતો/જાણકારી/સમજ મેળવવા માટે કચેરીના કામકાજના સમયમા સંબંધિત વોર્ડની કચેરીમાં સંપર્ક કરવા તમામ કરદાતાઓને જણાવવામાં આવે છે.

**પી.આર.ઓ.નં. ૯૨૭/૨૦૨૨–૨૩** **મ્યુનિસિપલ કમિશનર**